# બારડોલીમાં ધો.10ના બે વિદ્યાર્થીના મીંઢોળા નદીમાં ડૂબી જવાથી મોત

**ઉતારા-**વધાવા ગામ નજીક વહેતી મીંઢોળા નદીમાં પાંચ મિત્રો નાહવા પડ્યા હતા

**પાણીનો** અંદાજ ન આવતાં હર્ષ અને લેખુરામ ડૂબી ગયા



બારડોલીઃ બારડોલીના ઉતારા-વધાવા ગામ નજીક વહેતી મીંઢોળા નદીમાં ધોરણ-10ની બોર્ડની પરીક્ષા આપી રહેલા બે કિશોર વયના મિત્રોનાં નદીના ઊંડા પાણીમાં ડૂબી જવાથી કરુણ મોત નીપજ્યાં હતાં. આ ઘટનાને પગલે તેન ગામ અને બારડોલીના રામેશ્વરનગર વિસ્તારમાં ઘેરા શોકની લાગણી પ્રસરી ગઈ છે.

પ્રાપ્ત વિગતો અનુસાર બારડોલીના તેન ગામના સાંઈનગરમાં રહેતો 15 વર્ષીય હર્ષ ભગુભાઈ પરમાર અને રામેશ્વર નગરનો 18 વર્ષીય લેખુરામ કાલુભાઈ પ્રજાપતિ પોતાના અન્ય ત્રણ મિત્ર સાથે મીંઢોળા નદીમાં નાહવા માટે ગયા હતા. ઉતારા ગામની સીમમાં જ્યાં લોકો મોટી સંખ્યામાં નાહવા માટે એકત્રિત થતા હોય છે, ત્યાં પાંચેય મિત્રો નદીમાં ઊતર્યા હતા. નાહતી વખતે હર્ષ અને લેખુરામ નદીના ટેકરા પરથી કૂદીને ઊંડા પાણીમાં ગયા હતા, જ્યાં પાણીનો અંદાજ ન આવતાં બંને ડૂબવા લાગ્યા હતા.

સાથે રહેલા મિત્રોએ બૂમાબૂમ કરતા સ્થાનિકો દોડી આવ્યા હતા અને તાત્કાલિક બારડોલી ફાયર વિભાગને જાણ કરવામાં આવી હતી. ફાયર ફાઈટરોની ટીમે ઘટના સ્થળે પહોંચી ભારે જહેમત બાદ બંનેના મૃતદેહ બહાર કાઢ્યા હતા. પોલીસ રિપોર્ટ મુજબ આ અકસ્માત બપોરે 12:30થી 1 વાગ્યાના અરસામાં બન્યો હતો. બારડોલી ગ્રામ્ય પોલીસે ઘટના અંગે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ વાંકાનેર બીટના જમાદાર જયદેવભાઈ રાણાભાઈ કરી રહ્યા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ધુળેટીના દિવસે પણ બારડોલી નજીક ઈસરોલી ગામની સીમમાંથી પસાર થતી મીંઢોળા નદીમાં નાહવા પડેલા 21થી 23 વર્ષની વયના 4 નવયુવક ડૂબી ગયા હતા. ચારેય આશાસ્પદ યુવકોના મોતને હજી 13 દિવસ પણ થયા નથી અને બીજા બે વિદ્યાર્થીને નદી ભરખી ગઈ હતી.




### લેખુરામે ત્રણ વર્ષ બાદ ફરી અભ્યાસ શરૂ કર્યો હતો

બંને હાલમાં ચાલી રહેલી ધોરણ-10ની બોર્ડની પરીક્ષા આપી રહ્યા હતા. હર્ષ પરમાર પુનિત સ્કૂલમાં અભ્યાસ કરતો હતો, જ્યારે લેખુરામ પ્રજાપતિ યુ.કે.આર.કે. તેન હાઈસ્કૂલનો વિદ્યાર્થી હતો. નોંધનીય છે કે લેખુરામે કોરોના કાળ દરમિયાન અભ્યાસ છોડી દીધો હતો અને ત્રણ વર્ષના લાંબા અંતરાલ બાદ ફરી હિંમત કરી અભ્યાસ શરૂ કર્યો હતો. કમનસીબે, પરીક્ષાના પરિણામ પહેલા જ કાળ તેને આંબી જતાં પરિવારમાં શોકની કાલીમા છવાઈ ગઈ હતી.

## વ્યારામાં વૃદ્ધે બાળકને ખોળામાં બેસાડી છેડતી કરતાં પોલીસ ફરિયાદ

વ્યારાઃ વ્યારામાં જાવેદ ગુલાબ શેખ નામના વૃદ્ધે એક 10 વર્ષના બાળકની જાતીય સતામણી કરતાં વ્યારા પોલીસ મથકે વૃદ્ધ વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. મળતી માહિતી મુજબ ગત તા.10-3-2026ના રોજ રાત્રિના 10 વાગ્યાના અરસામાં બાળક પોતાના ઘરની બહાર રમતો હતો. ત્યારે આરોપી જાવેદ ગુલાબ શેખ (રહે.,વ્યારા) એ બાળકને બાજુમાં આવેલી પોતાની દુકાનમાં બોલાવી થોડા સમય માટે વાતચીત કરી બાળક દુકાનની બહાર નીકળી રહ્યો હતો. દરમિયાન વૃદ્ધે બાળકનો હાથ પકડી પોતે ખુરશીમાં બેસી બાળકને પોતાના ખોળામાં બેસાડી બાળકના કમરના ભાગે હાથ ફેરવી અને બાળકના ગુપ્ત ભાગને અડી જાતીય સતામણી કરી બાળકને પડીકા ખાવા માટે પાંચ રૂપિયા આપી બાળક સાથે ખરાબ કૃત્ય કરવાની કોશિશ કરી હતી. આ અંગે બાળકના વાલીએ વ્યારા પોલીસ મથકમાં ફરિયાદ આપતાં પોલીસે આરોપી જાવેદ ગુલાબ શેખ વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.



# અંતિમ સફરમાં વિઘ્નઃ બારડોલીમાં અંતિમસંસ્કાર પણ મોંઘાં થઈ જશે

**ગેસ** કંપનીના નવા પરિપત્રથી વર્ષ 2029-30 સુધીમાં 100% ખર્ચ ટ્રસ્ટે ભોગવવો પડશે; ગરીબ પરિવારો ચિંતામાં

બારડોલીઃ સુરત સહિત સમગ્ર દક્ષિણ ગુજરાતમાં સ્મશાનગૃહો માટે એક ચિંતાજનક સમાચાર સામે આવ્યા છે. અત્યાર સુધી કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી (CSR) હેઠળ સ્મશાનગૃહોને વિનામૂલ્યે મળતો ગેસ પુરવઠો હવે બંધ થવા જઈ રહ્યો છે. ગેસ કંપની દ્વારા જારી કરવામાં આવેલા નવા પરિપત્ર મુજબ, આગામી સમયમાં સ્મશાન ટ્રસ્ટોએ ગેસ વપરાશનું બિલ પોતે ચૂકવવું પડશે. આ નિર્ણયની સીધી અસર બારડોલી સ્મશાનભૂમિ પર પણ પડવાની પૂરેપૂરી શક્યતા છે.

બારડોલી સ્મશાનભૂમિમાં દર મહિને અંદાજિત 2.50 લાખ રૂપિયાથી વધુનો ગેસ વપરાય છે. અત્યાર સુધી આ ખર્ચ CSR ફંડ અંતર્ગત ઉઠાવવામાં આવતો હતો, જેના કારણે અંતિમસંસ્કારની પ્રક્રિયા રાહતદરે અથવા નિઃશુલ્ક શક્ય બનતી હતી. જોકે, ગેસ કંપનીના નવા સમયપત્રક મુજબ, વર્ષ 2026-27થી આ સહાયમાં તબક્કાવાર ઘટાડો કરવામાં આવશે અને વર્ષ 2029-30 સુધીમાં 100 ટકા બિલની જવાબદારી સ્મશાન ટ્રસ્ટે ઉપાડવી પડશે.

આ આર્થિક બોજને કારણે સૌથી વધુ મુશ્કેલી ગરીબ અને જરૂરિયાતમંદ લોકોને વેઠવી પડી શકે છે. મોંઘવારીના જમાનામાં લાકડાના ભાવ પણ આસમાને પહોંચ્યા છે, ત્યારે ગેસ આધારિત ભઠ્ઠી સામાન્ય લોકો માટે એકમાત્ર સસ્તો વિકલ્પ હતી. જો સ્મશાન ટ્રસ્ટ પર લાખો રૂપિયાનું ભારણ વધશે, તો તેની સીધી અસર અંતિમ સંસ્કારની ફી પર પડશે. આમ, જે ગરીબ પરિવારો માટે અત્યાર સુધી ગેસની ભઠ્ઠી પરવડતી હતી, હવે તેમને પોતાના સ્વજનના અંતિમસંસ્કાર માટે પણ મોટો ખર્ચ કરવાની નોબત આવી શકે છે. સ્થાનિક સંચાલકો અને જનતામાં એવી માંગ ઊઠી રહી છે કે માનવતાના ધોરણે સરકાર આ બાબતે મધ્યસ્થી કરે અને સ્મશાનગૃહોને વિનામૂલ્યે ગેસ મળતો રહે તેવી વ્યવસ્થા જાળવી રાખે, જેથી છેવાડાના માણસને અંતિમ વિદાય વખતે આર્થિક હાલાકી ન ભોગવવી પડે.




# મોંઘવારી વિરુદ્ધ યૂથ કોંગ્રેસનું સૂત્રોચ્ચાર સાથે વિરોધ પ્રદર્શન

**કડોદરા** ચાર રસ્તા પાસે કોંગ્રેસની રેલી

પલસાણાઃ સતત વધી રહેલી મોંઘવારીના વિરોધમાં મંગળવારે મંગળવારે કડોદરા યૂથ કોંગ્રેસ દ્વારા કડોદરા સરદાર કોમ્પ્લેક્સથી રેલી કાઢી ચાર રસ્તા પર ડો.બાબાસાહેબ આંબેડકરની પ્રતિમા પાસે વિરોધ પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કોંગ્રેસના વિવિધ આગેવાનો અને કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. વિરોધ પ્રદર્શન દરમિયાન કાર્યકર્તાઓએ વધતી મોંઘવારી સામે નારાજગી વ્યક્ત કરી અને સરકાર વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા હતા. કોંગ્રેસના આગેવાનોનું કહેવું હતું કે, હાલની ભાજપ સરકારના સમયમાં મોંઘવારી અતિશય વધી ગઈ છે, જેના કારણે સામાન્ય અને મધ્યમવર્ગીય પરિવારોનું ઘરખર્ચનું બજેટ ખોરવાઈ ગયું છે. રોજબરોજના જીવનમાં ઉપયોગી આવશ્યક ચીજવસ્તુઓના ભાવ વધતા સામાન્ય જનતા મુશ્કેલીમાં મુકાઈ રહી છે.

આ પ્રસંગે સુરત જિલ્લા કોંગ્રેસ પ્રમુખ આનંદભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે, મોંઘવારીના કારણે ગરીબ અને મધ્યમ વર્ગના લોકો પર ભારે આર્થિક બોજો પડી રહ્યો છે.

સરકારે તાત્કાલિક પગલાં લઈ મોંઘવારીને કાબૂમાં લેવા જરૂરી છે.

વિરોધ કાર્યક્રમમાં સુરત જિલ્લા યુવા કોંગ્રેસ પ્રમુખ પીયૂષભાઈ ચૌધરી, સુરત જિલ્લા મહિલા કોંગ્રેસ પ્રમુખ નીતુ સિંહ, કડોદરા શહેર કોંગ્રેસ પ્રમુખ જીવનભાઈ વાડી, પલસાણા તાલુકા કોંગ્રેસ પ્રમુખ ધર્મેશસિંહ સોલંકી તેમજ પલસાણા તાલુકા યુવા કોંગ્રેસ પ્રમુખ તેજસ મિસ્ત્રી સહિત અનેક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. ઉપરાંત કડોદરા કોંગ્રેસ તથા કડોદરા યૂથ કોંગ્રેસના પ્રમુખ, મહામંત્રી પ્રમોદ શર્મા, મહામંત્રી વિકાસ ખાન સહિતના આગેવાનો અને કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં જોડાયા હતા.

# ઉકાઈના વાડી ભેંસરોટમાં રૂ.17.15 લાખની ઉચાપત

**પૂર્વ** સરપંચ અને તલાટી સામે ફરિયાદ

સોનગઢઃ ઉકાઈના વાડીભેંસરોટ ગ્રા.પં.માં 17.15 લાખની સરકારી નાણાંની ઉચાપતનો મામલો સામે આવ્યો છે. આ પ્રકરણમાં ઉકાઈ પોલીસ મથકે તત્કાલીન સરપંચ પ્રદીપભાઈ ચૌધરી અને તત્કાલીન તલાટી કમ મંત્રી ભાર્ગવ એલ.ભગોદરીયા વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો છે.

આ કૌભાંડ તા.16/4/2021થી તા.14/7/2021ના સમયગાળા દરમિયાન આચરવામાં આવ્યું હતું. આરોપીઓએ પરસ્પર મેળાપીપણું કરી, પૂર્વ આયોજિત કાવતરું રચીને ગ્રામ પંચાયતના સ્વભંડોળનાં નાણાંનો દુરુપયોગ કર્યો હતો. નવાઈની વાત એ છે કે, પ્રદીપભાઈ ચૌધરીએ તા.23/3/2021ના રોજ સરપંચ પદેથી રાજીનામું આપી દીધું હોવા છતાં અને તેમનું રાજીનામું તા.15/4/2021થી મંજૂર થઈ ગયું હોવા છતાં, હોદ્દા પર ન હોવા છતાં પણ તેઓએ તલાટી સાથે મળીને ચેકોમાં સહીઓ કરી નાણાં ઉપાડી લીધાં હતાં. આરોપીઓએ કોઈપણ પ્રકારની વહીવટી કે ટેકનિકલ મંજૂરી લીધા વિના પ્રફુલભાઈ જશુભાઈ ગામીતના નામે કુલ 9 ચેક ઈશ્યુ કર્યા હતા. આ નાણાં માટે સેનિટાઈઝર કામ-35,000, રસ્તા અને નાળાનાં કામોમાં ભેંસરોટ ફળિયા, આશ્રમ ફળિયા, તાપી ફળિયા અને ડુંગરી ફળિયામાં રસ્તા મરામત તથા નાળા બનાવવાનું બહાનું બતાવાયું હતું. ડુંગરી ફળિયા અને પારસી ફળિયામાં પાઈપલાઈન નાંખવાના કામ અર્થે નાણાં ઉપાડાયાં હતાં. તપાસ દરમિયાન માલૂમ પડ્યું હતું કે, આ કામોના કોઈ સત્તાવાર રેકર્ડ નિભાવવામાં આવ્યા ન હતા. જિલ્લા વિકાસ અધિકારી અને વિકાસ કમિશનરની સૂચના બાદ, હાલના ઈનચાર્જ તાલુકા વિકાસ અધિકારી તેજસભાઈ બાબુભાઈ ચૌધરીએ આ અંગે ફરિયાદ નોંધાવી છે.

## દેગામા-ટીચકપુરા મીંઢોળા નદી પરના પુલના કામ બાબતે આવેદન

વ્યારા, વાલોડઃ વાલોડના દેગામાને વ્યારાના ટીચકપુરા ગામમાં RTO કચેરી પાસે નેશનલ હાઈવે નં.53ને જોડતાં મીંઢોળા નદી પર પુલનું બાંધકામ ધીમી ગતિએ ચાલતા આસપાસના સ્થાનિકોમાં તંત્ર પ્રત્યે રોષ વ્યાપ્યો છે. કોન્ટ્રાક્ટર દ્વારા પુલની કામગીરી ખૂબ જ ધીમી ગતિએ કરવામાં આવતાં અને ડાયવર્ઝન માટેનો રસ્તો પણ સાંકડો હોવાથી લોકોને અવરજવર માટે મુશ્કેલી વેઠવાનો વારો આવ્યો છે. પુલનું કામ નિયત સમય મર્યાદામાં ન થતાં આસપાસના રહીશો તેમજ નદીની બંને છેડે ખેતી કરતાં ખેડૂતોને ચોમાસા દરમિયાન અવરજવર માટે ભારે મુશ્કેલી વેઠવાનો વારો આવે છે. ત્યારે પુલની કામગીરી ઝડપથી પૂર્ણ કરવામાં આવે તેવી માંગ ઊઠી છે. જેને લઈને ગત રોજ ગામના યુવાનોએ તાપી કલેક્ટરને આ બાબતે લેખિત રજૂઆત કરી હતી.

# તાપી જિલ્લા અને 7 તા.પં.ની ટર્મ પૂરી, વહીવટદારો નિમાયા

વ્યારાઃ તાપી જિલ્લા પંચાયતની અને જિલ્લાના કુલ સાત તાલુકા પંચાયતની ટર્મ પૂરી થતાં 16મી માર્ચથી આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી થયા બાદ જિલ્લા અને તાલુકા પંચાયતની રચના થાય અને પ્રથમ બેઠક મળે ત્યાં સુધી તાપી જિલ્લા પંચાયત અને વ્યારા, સોનગઢ, વાલોડ, ડોલવણ સહિતનાં સાત તાલુકા પંચાયતના વહીવટ માટે અલગ અલગ વહીવટદારોની નિમણૂક કરવામાં આવી છે, જેમાં તાપી જિલ્લા પંચાયતના વહીવટ માટે તાપી જિલ્લા કલેક્ટરની નિમણૂક કરવામાં આવી છે. તેમજ વ્યારા તાલુકા પંચાયતના વહીવટ માટે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક, ડોલવણ અને વાલોડ તાલુકા પંચાયતના વહીવટ માટે વ્યારા પ્રાંત અધિકારી, ઉચ્છલ અને કુકરમુંડા તાલુકા પંચાયતના વહીવટ માટે નિઝર પ્રાંત અધિકારી અને નિઝર તાલુકા પંચાયતના વહીવટ માટે જિલ્લા પુરવઠા અધિકારી તાપી, સોનગઢ તા.પં.ના વહીવટ માટે નાયબ કલેક્ટર 1 તાપીને વહીવટીદાર તરીકે નિમાયા છે.

## સંક્ષિપ્ત સમાચાર

### નવાગામમાં વાનમાંથી સાઈલેન્સરની ચોરી

કામરેજઃ મૂળ દેવભૂમિ દ્વારકા અને હાલ કામરેજના નવાગામ ખાતે શ્યામનગરમાં ગુરુકુપા એપાર્ટમેન્ટમાં ફ્લેટ નં.106માં ફારૂક અહમદ હાલેપૌત્રા રહે છે. જે ચોકલેટની એજન્સી ચલાવે છે. જેમની માલની ડિલિવરી માટેની મારુતિ ઈકો ગાડી નં.(જીજે 05 સીયુ 1306) એપાર્ટમેન્ટ નીચે પાર્કિંગમાં મૂકી હતી. બીજા દિવસે સાઈલેન્સરની ચોરી થતાં કામરેજ પોલીસ મથકમાં રૂ.35000ના સાઈલેન્સર ચોરીની ફરિયાદ નોંધાવી હતી.

### મહુવેજ નજીક શ્રમજીવીના ચાર મોબાઇલ ચોરાયા

હથોડાઃ વલસાડના અટગામ ખાતે રહેતા હર્ષ મહેશભાઈ પટેલે કોસંબા પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે, તે મહુવેજની સીમમાં આવેલી ફેક્ટરીમાં એપ્રેન્ટિસ તરીકે કામ કરે છે અને તેના સાથીઓ સાથે નજીકમાં આવેલા એપાર્ટમેન્ટના અલગ અલગ રૂમમાં રહે છે. ગત રાત્રે બે અજાણ્યા ઇસમ પોતપોતાના રૂમમાં રાખેલા અલગ અલગ કંપનીના ચાર મોબાઇલની ચોરી કરી ગયા હતા. કોસંબા પોલીસે રૂપિયા 40,000ના ચાર નંગ મોબાઈલની ચોરીની ફરિયાદ દાખલ કરી તપાસ હાથ ધરી છે.

### સોનગઢમાં છકડો પલટી જતાં મહિલાનું મોત

સોનગઢઃ સોનગઢના ખરસીમાં છકડો રિક્ષા પલટી જતાં પત્નીનું મોત થતાં પુત્રીએ પિતા વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી હતી. ઉચ્છલના કુઈદા ગામના રાજુભાઈ વસાવા રિક્ષા છકડો નં.(GJ-06-AW-4067) લઈ મજૂરી અર્થે નીકળ્યા હતા. ખરસી ગામ પાસે રિક્ષા બમ્પ પર ઉછળતા રાજુભાઈએ કાબૂ ગુમાવતાં રિક્ષા પલટી મારી જવાથી ઘાયલ 46 વર્ષીય સુનિતાબેનનું સારવાર દરમિયાન મોત થયું હતું.

### તરસાડી નગરપાલિકાનો વહીવટ હવે મામલતદારના હાથમાં


ઈબ્રાહીમ કાનુ

હથોડાઃ પાલિકાઓની ચૂંટણી પૂરી થવાની સાથોસાથ આચારસંહિતા લાગતા તરસાડી નગરપાલિકા ખાતે પણ મંગળવારે માંગરોળ તાલુકાના મામલતદાર ચાવડાએ વહીવટદાર તરીકે ચાર્જ સંભાળી લીધો હતો. ચાર્જ સંભાળી રહેલા મામલતદારનું પુષ્પગુચ્છથી સન્માન કરવામાં આવ્યું હતું.

### ઓલપાડમાં પતિના મારથી ગંભીર રીતે ઘાયલ પત્નીનું સારવાર દરમિયાન મોત

સાયણઃ મૂળ ઉત્તરપ્રદેશના અને હાલ ઓલપાડની શિફા વીલા સોસાયટીમાં રહેતા શ્રમિક પતિએ પત્નીને માર મારતા કરુણ મોત નીપજ્યું છે. ગત ૧૨મી માર્ચના રોજ રાકેશ નિશાદ અને તેની ૧૮ વર્ષીય પત્ની ગુંજાબેન વચ્ચે કોઈ કારણોસર ઝઘડો થયો હતો. ઉશ્કેરાયેલા પતિએ પત્નીને બેરહેમીથી માર મારતાં તે બેભાન થઈ ગઈ હતી. ગંભીર હાલતમાં ગુંજાબેનને સુરતની સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવી હતી, જ્યાં ચાર દિવસની સારવાર બાદ ૧૬મી માર્ચે તેનું મોત થયું હતું. ઓલપાડ પોલીસે આ મામલે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### 8 વર્ષથી ફરાર કડોદરાનો આરોપી ઝડપાયો

પલસાણાઃ સુરત ગ્રામ્યના સ્પેશિયલ ઓપરેશન ગ્રુપને મોટી સફળતા મળી છે. છેલ્લા આઠ વર્ષથી કડોદરા જી.આઈ.ડી.સી. પોલીસ સ્ટેશનના છેતરપિંડી અને વિશ્વાસઘાતના ગુનામાં નાસતા ફરતા આરોપી નિમેષભાઇ ભૂપેન્દ્રભાઇ દેરમારેને પોલીસે ઝડપી પાડ્યો છે. ૧૭ માર્ચ-૨૦૨૬ના રોજ એ.એસ.આઈ. રાજેન્દ્રભાઈ અને ભૂપેન્દ્રભાઈને મળેલી બાતમીના આધારે ૩૫ વર્ષીય આરોપીને સચિન વિસ્તારમાંથી ઝડપી લેવામાં આવ્યો હતો. ઘટનાની વિગત મુજબ આરોપીએ અન્ય સાથીદારો સાથે મળીને ફરિયાદી પાસેથી આશરે રૂ.૧૫.૨૩ લાખનો કાપડનો માલ મેળવ્યો હતો. ત્યારબાદ નાણાંની ઉઘરાણી કરતા ફરિયાદીને જાનથી મારી નાંખવાની ધમકી આપી વિશ્વાસઘાત કર્યો હતો. હાલમાં પોલીસે આરોપીની ધરપકડ કરી કડોદરા જી.આઈ.ડી.સી. પોલીસને સોંપવાની તજવીજ હાથ ધરી છે.

### પાનોલીમાં સ્વોકો કંપની સામે કામદારોનાં ધરણા

અંકલેશ્વરઃ પાનોલી ખાતે સ્થિત હિન્દુસ્તાન એમઆઈ સ્વોકો કંપનીના ગેટ આગળ કામદારો દ્વારા ધરણા પ્રદર્શન કરવામાં આવ્યું હતું. વર્ષ-2025 દરમિયાન દહેજ જીઆઇડીસી ખાતે આવેલી કંપનીના યુનિટને અચાનક બંધ કરી દેતાં સ્થાનિક લેન્ડ લૂઝર કામદારો મુશ્કેલીમાં મુકાયા છે. માહિતી અનુસાર 26 ડિસેમ્બર-2025ના રોજ વહેલી સવારે કંપની દ્વારા ગેટ પર નોટિસ લગાવી યુનિટ બંધ કરવાની જાહેરાત કરવામાં આવી હતી. આ પગલાંથી લગભગ 12 વર્ષથી કામ કરતા અનેક કામદારોને કોઈ પૂર્વ જાણ વગર રાતોરાત છૂટા કરવામાં આવ્યા હતા, જેના કારણે તેમની રોજીરોટી છીનવાઈ ગઈ છે. કંપનીએ કેટલાક કામદારોને પાનોલી યુનિટમાં ટ્રાન્સફર આપ્યો હતો, પરંતુ 20 જેટલા લેન્ડ લૂઝર કામદારોને ટ્રાન્સફર આપવામાં આવ્યું ન હતું. આ મામલો હાલ કોર્ટમાં ચાલી રહ્યો છે. આ વચ્ચે પ્રભાવિત કામદારો પાનોલી પ્લાન્ટ ખાતે પહોંચીને ધરણા પર બેઠા હતા અને માંગ કરી હતી કે તેમને ફરી નોકરી પર લેવામાં આવે તેમજ છેલ્લા ૫ મહિનાથી મળવાનો બાકી રહેલો પગાર ચૂકવવામાં આવે.

# વાવ નજીક ગંજીપાના પર જુગાર રમતા આઠ પકડાયા

કામરેજઃ કામરેજ પોલીસને બાતમી મળી હતી કે, કામરેજના વાવ ગામની હદમાં કરૂણેશ પાર્ક શેરી નંબર-3માં ઘર નં.41માં બીજા માળે કેટલાક ઈસમો ગંજીપાના પર હારજીતનો જુગાર રમે છે. બાતમીના આધારે સ્ટાફ સાથે રેડ કરતાં જુગાર રમતાં આદિત્ય રાજેશ ગોંડલીયા (ઉં.વ.19) (હાલ રહે.,ઘર નં.41, કરુણેશ પાર્ક, શેરી નં.3, વાવ, મૂળ રહે.,હનુમાન ખેજડિયા, તા.કુકાવાવ, જિ.અમરેલી), અભય શંભુ રામોલીયા (ઉં.વ.36) (હાલ રહે.,બી-1, 104, સુંદરમ રેસિડન્સી, યોગી ચોક, મૂળ રહે.,વેળાવદર, તા.ગારિયાધાર, જિ.ભાવનગર), કેવલ મુકેશ પટેલ (ઉં.વ.30) (રહે.,302, સિદ્ધિવિનાયક સોસાયટી, સરથાણા જકાતનાકા, મૂળ રહે.,ઝાંજેડા, જિ.જૂનાગઢ), કલ્પેશ દિનેશ પાથર (ઉં.વ.36) (હાલ રહે.,એ-126, સુંદરવન સોસાયટી, સીતાનગર, પુણાગામ, મૂળ રહે.,નવા ખીજડિયા, જિ.અમરેલી), સાહિલ મગન ગોંણીયા (ઉં.વ.32) (હાલ રહે.,25, ગજાનંદ સોસાયટી, યોગી ચોક, મૂળ રહે.,જેતપુર, જિ.રાજકોટ), દિનેશ રમેશ વેકરિયા (ઉં.વ.41) (હાલ રહે.,74, ભાવના પાર્ક સોસાયટી, યોગી ચોક, મૂળ રહે.,સાવરકુંડલા, જિ.અમરેલી), હિરેન નરશી હીરપરા (ઉં.વ.38) (રહે., 18, સીતાનગર ઈશ્વર પાર્ક, પુણા ગામ, મૂળ રહે., આંબલા, તા.ઉના, જિ.ગીર સોમનાથ)ને પકડી પાડી દાવ પરના રોકડા રૂ.18050, અંગજડતી કરતાં રોકડા રૂ.90040, મોબાઈલ, બાઈક મળી કુલ રૂ.1,99,090નો મુદ્દામાલ ઝડપી પાડી ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



વિશાલ પટેલ

# કોસંબા રેલવે સ્ટેશને દારૂની હેરાફેરીનું 'પરફેક્ટ ટાઈમિંગ'!

**ટ્રેન** સમયે ખાલી બેગ મૂકી દૂર ઊભા રહી ટ્રેન આવતા જ બુટલેગરો બેગ ચઢાવી દે છે

હથોડાઃ એક તરફ સરકાર દારૂબંધીના અમલ માટે અવનવા કીમિયા અજમાવે છે, ત્યારે બીજી તરફ બુટલેગરો પણ દારૂની રેલમછેલ કરવા નવી નવી તરકીબો લડાવી રહ્યા છે. કોસંબા રેલવે સ્ટેશન પર હાલ બુટલેગરો દ્વારા ટ્રેન આવે તે પહેલાં પ્લેટફોર્મ પર બિનવારસી બેગ મૂકી દઈ, ટ્રેન આવતા જ તેને ડબ્બામાં ચઢાવી દેવાની મોડસ ઓપરેન્ડી અપનાવવામાં આવી રહી છે.

રોજિંદા મુસાફરોએ નામ ન આપવાની શરતે જણાવ્યું હતું કે, કોસંબા રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર-2 પર સવારના સમયે વડોદરાથી દહાણુ-ભીલાડ તરફ જતી ટ્રેનમાં બુટલેગરો ખાલી બેગ લઈને આવે છે. આ બેગ પ્લેટફોર્મના છેડા પર બિનવારસી હાલતમાં મૂકી તેઓ પોતે દૂર ઊભા રહી જાય છે અને જેવી ટ્રેન આવે કે તુરંત તેને ટ્રેનમાં ચઢાવી દે છે. આ જ રીતે સાંજના સમયે સુરતથી વડોદરા તરફ જતી વેરાવળ એક્સપ્રેસ તેમજ દહાણુ-ભીલાડ પેસેન્જરમાંથી દારૂ ભરેલી બેગ કોસંબા સ્ટેશન પર ઉતારવામાં આવે છે. આ બેગ સ્થાનિક બુટલેગરો ચાલાકીપૂર્વક શહેરમાં ઘુસાડી દેતા હોય છે.

ચર્ચા મુજબ, સ્થાનિક રેલવે પોલીસ આ સમગ્ર ગતિવિધિથી વાકેફ હોવા છતાં 'આંખ આડા કાન' કરી રહી છે. જો સુરત કે વડોદરા રેલવે પોલીસના ઉચ્ચ અધિકારીઓ કોસંબા સ્ટેશનના પ્લેટફોર્મ નં.1 અને 2 પર ગુપ્ત રીતે તપાસ કરે, તો મોટા પ્રમાણમાં દારૂનો જથ્થો પકડાય તેવી શક્યતા છે.


ઈબ્રાહીમ કાનુ

### RPFનું ધ્યાન દોરવામાં આવશેઃ રેલવે સ્ટેશન માસ્તર

આ ઘટના બાબતે કોસંબા રેલવે સ્ટેશન માસ્તર નીરજભાઈએ જણાવ્યું હતું કે, આ બાબતે તપાસ કરવામાં આવશે અને કોસંબા રેલવે આરપીએફને જાણ કરવામાં આવશે અને વેપલો કરનાર સામે પૂરતા પગલાં ભરવામાં આવશે.

## લઘુ ઉદ્યોગ ભારતીના પ્રયત્નોથી પરમિટ રિન્યુઅલમાં રાહત

ભરૂચઃ લઘુ ઉદ્યોગ ભારતી દ્વારા સતત કરવામાં આવતા પ્રયાસો અને રાજ્ય સરકાર સમક્ષ રજૂઆતોને પગલે સફળતા મળી છે. રાજ્ય સરકારે પરમિટના રિન્યુઅલ પ્રક્રિયામાં રાહત આપવાનો નિર્ણય કર્યો છે, જે અંગે સત્તાવાર પરિપત્ર પણ બહાર પાડવામાં આવ્યો છે. આ રાહત મેળવવા માટે લઘુ ઉદ્યોગ ભારતીની ટીમ દ્વારા નાયબ મુખ્યમંત્રી, મુખ્યમંત્રી તેમજ રાજ્યના નશાબંધી અને આબકારીના અધિક્ષકની કચેરીએ રજૂઆતો કરવામાં આવી હતી. સંગઠનના આ દ્રઢ પ્રયાસોના પરિણામે જ સરકારે આ મુદ્દાને ગંભીરતાથી લીધો અને ઉદ્યોગકારોને મોટી રાહત આપી છે. સત્તાવાર પરિપત્રમાં મુદ્દા નં.5 અને 6માં લઘુ ઉદ્યોગ ભારતીનો સ્પષ્ટ ઉલ્લેખ કરવામાં આવ્યો છે, જેને આ સફળતા મળી છે. લઘુ ઉદ્યોગ ભારતી, ભરૂચ જિલ્લાના મહામંત્રી વિશિત પટેલે જણાવ્યું હતું કે, આ સમગ્ર પ્રક્રિયામાં લઘુ ઉદ્યોગ ભારતીના માર્ગદર્શક ડો.બલદેવભાઈ પ્રજાપતિજી (પૂર્વ રાષ્ટ્રીય અધ્યક્ષ), ઈશ્વરભાઈ પટેલ (પ્રમુખ-ગુજરાત પ્રદેશ), કમલેશભાઈ ગામી (સંયુક્ત સચિવ-ગુજરાત પ્રદેશ) અને રમેશભાઈ ચોડવડિયા (પ્રમુખ-ભરૂચ જિલ્લા) તેમજ સમગ્ર ટીમના સતત પ્રયત્નો રહ્યા છે.